| | | | | |
|---|---|---|---|---|
| રજૂ કર્યા તારીખ | : | ૨૦–૧૧–૨૦૧૦ | | |
| નોંધણી કર્યા તારીખ | : | ૨૦–૧૧–૨૦૧૦ | | |
| નિર્ણય કર્યા તારીખ | : | ૩૦–૦૯–૨૦૨૧ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

## સુરતના છઠ્ઠા એડી.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. સુરત.

સેશન્સ કેસ નં. ૨૬૯/૨૦૧૦

આંક–

ફરીયાદી : સરકાર

વિરૂધ્ધ

આરોપી : રમેશભાઇ કેશાભાઇ વસાવા
ઉ.આ.વ.પ૪, ધંધો–નિવૃત,
રહે.ઉમરઝર, વેસ્તા ફળીયુ,
તા.ઉમરપાડા, જી.સુરત.

ગુનો : ઈ.પી.કોડની કલમ – ૩૦૭, ૩૦૨ મુજબ..

---

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી – કુ.વી.સી.પંચાલ
આરોપી તરફે વિ. વકીલશ્રી – આર.વી.ખટલાવાલા

---

**..ચૂ કા દો..**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૪/૦૬/૨૦૧૦ ના રોજ કલાક ૦૦.૩૦ થી ૦૧.૦૦ ના સુમારે મોજે ઉમરઝર ગામની સીમમાં ઉમરઝરથી ઝરપણ ગામ જવાના રોડ નજીક ફરીયાદણબાઈના પતિ ઈજા પામનાર ભારજીભાઇ બેરીયાભાઇ વસાવાનાઓ તેમના ખેતરમાં પલંગ ઉપર સુઇ ગયેલા ત્યાં આ કામના તહોમતદાર મજકુરે અગાઉ થયેલા જમીનના ઝઘડાની અદાવતના કારણે એકલતાનો લાભ લઈ ભારજીભાઈના માથામાં સાંબેલાનો સપાટો મારી ગંભીર જીવલેણ ઈજા કરી તથા તેમનુ મોત નિપજાવી, ખુનની કોશીષ કરી અને ત્યાર બાદ ઈરાદપૂર્વક ખુન કરી ઈ.પી.કોડની કલમ – ૩૦૭, ૩૦૨ મુજબનો ગુનો કરેલ છે. તે મુજબની ફરીયાદ ઉમરપાડા પોલીસે ફર્સ્ટ ગુના રજી. નં. ૦૪/૨૦૧૦, ઈ.પી.કોડની કલમ – ૩૦૭, ૩૦૨ મુજબનો ગુનો નોંધી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલું.

(૨) સદરહુ ફરીયાદીની ફરીયાદ રજીસ્ટર કરી, તે બાદ ફરીયાદના કામે ત.ક.અ.શ્રીએ આરોપી વિરુધ્ધ તપાસ કરતા તેમજ લાગતા વળગતા સાહેદોના નિવદનો લઈ અને ત્યારબાદ પુરતો પુરાવો જણાતા તેઓને અટક કરેલા અને ત્યારબાદ તપાસ પૂર્ણ થયેથી આરોપી વિરુધ્ધ નીચેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા જેનો ફોજદારી કેસ નં. ૯૯૬/૨૦૧૦ પડેલ છે.

(૩) સદર ચાર્જશીટ ટ્રાયલ અદાલતમાં રજુ થતા ટ્રાયલ અદાલતને સદર કેસ ચલાવવા માટે હકુમત ન હોય, એડી. સીવીલ જજ અને જયુડી. મેજી. ફ. ક., માંગરોલનાએ તા.૧૧/૧૦/૨૦૧૦ ના રોજ ક્રિ.પ્રો. કોડની કલમ-૨૦૯ હેઠળ કમિટલ હુકમ કરી, અત્રેની જીલ્લા અદાલત, સુરતમાં મોકલી આપતા સદર કેસનો સેશન્સ કેસ નં.૨૬૯/૨૦૧૦ પડેલ છે અને ત્યારબાદ સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની અદાલતમાં તબદીલ થઈ આવેલ છે.

(૪) સદર કેસ તબદીલ થયા બાદ અત્રેની અદાલતમાં ચલાવવા માટે આવતા અને આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા બંને પક્ષકારોને સાંભળી, આંક-૧૪ થી ઈ.પી.કોડની કલમ- ૩૦૭, ૩૦૨ મુજબનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તે આરોપીને વાંચી સંભળાવતા જેનો ઈન્કાર કરતા આરોપીની આંક-૧૫ થી લેખિત જવાબ(પ્લી) રેકર્ડ કરવામાં આવેલ છે અને તેમણે ગુનાનો ઈન્કાર કર્યા બાદ ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલા છે.

**-: <u>મૌખિક પુરાવા :</u>-**

| સા.નં. | સાહેદોનું નામ | આંક |
|---|---|---|
| ૧ | છગનભાઈ આટિયાભાઈ વસાવા - પંચ સાહેદ | ૧૬ |
| ૨ | ફતેસિંગ વેસતાભાઈ વસાવા - પંચ સાહેદ | ૧૮ |
| ૩ | દિનેશભાઈ વનજીભાઈ વસાવા - પંચ સાહેદ | ૨૦ |

| | | |
|---|---|---|
| ૪ | અનવર રાયસીંગ – પંચ સાહેદ | ૨૩ |
| ૫ | રાજેશ નારણભાઇ વસાવા– પંચ સાહેદ | ૨૫ |
| ૬ | દિનેશભાઇ રમણભાઇ વસાવા– પંચ સાહેદ | ૨૬ |
| ૭ | પ્રવિણસિંહ જગતસિંહ વસાવા–પંચ સાહેદ | ૨૭ |
| ૮ | વિરસીંગ અમરસીંગભાઇ વસાવા – પંચ સાહેદ | ૨૯ |
| ૯ | ગુમાનભાઇ ખાલપાભાઇ વસાવા – પંચ સાહેદ | ૩૦ |
| ૧૦ | દિલીપભાઇ વીરસીંગભાઇ વસાવા – પંચ સાહેદ | ૩૧ |
| ૧૧ | ગોમાનભાઇ હીરજીભાઇ વસાવા | ૩૨ |
| ૧૨ | પ્રતાપભાઇ ભરાજીભાઇ વસાવા | ૩૩ |
| ૧૩ | સવિતાબેન ગોમાનભાઇ વસાવા | ૩૪ |
| ૧૪ | રતાભાલ રામસીંગભાઇ વસાવા | ૩૫ |
| ૧૫ | સીતાબેન નારસીંગભાઇ વસાવા | ૩૬ |
| ૧૬ | ગીરાબેન ગંભીરભાઇ વસાવા | ૩૭ |
| ૧૭ | જાનકીબેન ભારજીભાઇ વસાવા | ૩૯ |
| ૧૮ | ઉત્તમભાઇ ભારજીભાઇ વસાવા | ૪૧ |
| ૧૯ | રતનસિંહ ભારજીભાઇ વસાવા | ૪૨ |
| ૨૦ | ડો.દિપક દિનેશભાઇ વસાવા | ૪૫ |
| ૨૧ | નાનસીંગભાઇ ભીલાભાઇ ચૌધરી | ૪૯ |
| ૨૨ | સારજીભાઇ દેવજીભાઇ ગામીત | ૫૧ |

## –: દસ્તાવેજી પુરાવા :–

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૭ |
| ૨ | જડતી અંગેનું પંચનામુ | ૧૯ |
| ૩ | આરોપીની અટક કર્યા અંગેનું પંચનામુ | ૨૧ |
| ૪ | આરોપીએ પહેરેલ કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ | ૨૨ |

| | | |
|---|---|---|
| ૫ | ગુનાના કામે વપરાયેલ મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૨૪ |
| ૬ | ઇન્કવેસ્ટ પંચનામુ | ૨૮ |
| ૭ | ફરિયાદ | ૪૦ |
| ૮ | પી.એમ.નોટ | ૪૬ |
| ૯ | પોલીસ યાદી | ૪૭ |
| ૧૦ | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૪૮ |
| ૧૧ | સુચિપત્ર | ૫૦ |
| ૧૨ | એફ.એસ.એલ.અધિકારીનો ગુનાવાળી જગ્યાનો મુલાકાત લીધાનો અભિપ્રાય | ૫૨ |
| ૧૩ | એફ.એસ.એલ.અધિકારીનો ગુનાવાળી જગ્યાનો મુલાકાત લીધાનો અભિપ્રાય | ૫૩ |
| ૧૪ | એમ.એલ.સી.સર્ટી | ૫૪ |
| ૧૫ | મુદ્દામાલનું પૃથ્થકરણ કરી તે અંગેનું સર્ટી આપવા માટે એફ.એસ.એલ. કચેરીને લખેલા પત્રની નકલ | ૫૫ |
| ૧૬ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૫૬ |
| ૧૭ | મુદ્દામાલ એફ.એસ.એલ.કચેરીને મોકલી આપતા તેમના તરફથી આપવામાં આવેલ પહોંચ | ૫૭ |
| ૧૮ | મુદ્દામાલનું પૃથ્થકરણ કરી એફ.એસ.એલ. અધિકારીએ ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલેલ પૃથ્થકરણ અહેવાલ | ૫૮ |
| ૧૯ | એફ.એસ.એલ. નો સીરોલોજીકલ અહેવાલ | ૫૯ |
| ૨૦ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૫ તથા આર્ટીકલ નં.૮ થી ૧૦ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૬૦ થી ૬૭ |

(૬) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક – ૬૮ થી તેઓ વધુ કોઇ મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી, તેવુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૭) સદરહુ કામે ફરીયાદ પક્ષે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીનો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનો જવાબ નોંધવામાં આવેલ છે, જે વંચાણે લેતા આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો મહદ્દઅંશે

ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે.

(૮) આ કામે પુરાવો પુરો થયા પછી એ.પી.પી.શ્રી એ મૌખિક દલીલ કરેલ છે તથા આરોપી પક્ષે પણ મૌખિક દલીલો કરેલ છે.

(૮.૧)ફરિયાદપક્ષ તરફે વિ. સરકારી વકીલ શ્રી કુ. વી.સી.પંચાલ દલીલમાં જણાવે છે કે, આ કામમાં આંક–૧૪ થી નામદાર કોર્ટે ઈ.પી.કો.કલમ–૩૦૭ અને ૩૦૨ ના ગુનાનું તહોમતનામુ ફરમાવેલ છે. ત્યાર બાદ આ કામમાં ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧ છગનભાઇ વસાવાને આંક–૧૬થી તપાસેલ છે તેઓ ગુનાવાળી જગ્યાના પંચ છે. તેઓને સરકાર તરફે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા છે. ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૮ થી સાહેદ નં.૨ ફતેસીંગ વેસતાભાઇ વસાવાને તપાસેલા છે. જેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩ આંક–૨૦ થી દિનેશભાઇ વસાવાને તપાસેલ છે. તેઓ આરોપીના કપડા અને હેલ્મેટ રીકવર કર્યા તેના પંચ સાહેદ છે. તેઓને પણ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે આંક–૨૩ થી સાહેદ નં.૪ અનવર રાયસીંગ જે હથિયાર સાંબેલુ રીકવર કર્યુ તેના પંચ સાહેદ છે. તેઓને પણ ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ આંક–૨૫ થી સાહેદ નં.૫ રાજેશ નારણભાઇ વસાવા પંચ સાહેદને તપાસેલ છે. તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ સાહેદ નં.૬ આંક–૨૬ થી પંચ સાહેદ, આંક–૨૭ થી સાહેદ નં.૭, આંક–૨૯ થી સાહેદ નં.૮, આંક–૩૦ થી સાહેદ નં.૯ અને આંક–૩૧ થી સાહેદ નં. ૧૦ ને તપાસેલા છે. સદરહુ તમામ પંચ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. આ ઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક–૪૫ થી ડો.દિપક દિનેશભાઇ વસાવાને તપાસેલા છે. તેઓની જુબાની વંચાણે લેતાં મરનારે દોઢેક મહિના સુધી સારવાર લીધી છે અને કુદરતી મૃત્યુ નથી પણ હોમીસાઇડલ મૃત્યુ હોવાનું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે. આ કામના સાહેદ ગોમાનભાઇ હીરજીભાઇ

વસાવાને આંક–૩૨ થી સાક્ષી તરીકે તપાસેલ છે. તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. સદરહુ સાહેદે મરણ જનારને ઈજા પામેલી હાલતમાં જગ્યા પર જોયા છે. આ ઉપરાંત આંક–૩૩ થી સાહેદ પ્રતાપભાઇ ભારજીભાઈ વસાવા જેઓ મરણ જનારના પુત્ર છે તેમજ આંક –૪૧ થી ઉત્તમભાઇ ભારજીભાઈ વસાવા કે મરણ જનારના ભાઇનો દિકરો છે તેઓને તપાસેલા છે. આંક–૩૯ થી જાનકીબેન ભારજીભાઈ વસાવા મરણ જનારના પત્ની અને આ કામના ફરીયાદીને તપાસેલા છે. તેઓએ નામદાર કોર્ટમાં આરોપીને ઓળખી બતાવેલ છે. સદરહુ સાહેદની જુબાની વંચાણે લેતાં સદરહુ આરોપીએ મરણ જનારને ખેતીની જમીનના ઝઘડા ચાલુ હતા તે ઈરાદાથી મારી નાંખેલ હોવાનું ફલીત થાય છે. ત્યારબાદ આ કામમાં સવીતાબેન ગોમાનભાઈ વસાવાને આંક–૩૪ થી તપાસેલા છે તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. તેઓએ પોલીસ નિવેદનમાં તેઓએ મરણ જનારને આરોપીએ માર્યાનું જણાવેલ છે અને તે હકીકત તપાસ કરનાર અધિકારીશ્રીએ તેમની જુબાનીમાં પુરવાર કરેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે આંક–૩૬ થી સાહેદ સીતાબેન વસાવા કે જેઓ ઈજા પામનાર છે તેઓને તપાસેલ છે. તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. તેઓએ પોલીસ નિવેદનમાં કોણે માર મારેલ તે જણાવેલ છે. ત્યાર બાદ આંક–૩૫ થી સાહેદ રતાભાલ રામસીંગભાઈ વસાવા તથા સાહેદ હીરાભાઈ વસાવાને તપાસેલ છે. સદરહુ બંને સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. આ ઉપરાંત ફરીયાદપક્ષે આંક–૩૩ થી પ્રતાપભાઇ ભારજીભાઈ વસાવા કે જે મરણ જનારના પુત્ર છે તેઓને તપાસેલ છે. તેઓએ મરણ જનારને ઈજા પામેલી હાલતમાં જોયેલા છે. આમ, ફરીયાદપક્ષે જે સાહેદોને સાક્ષી તરીકે તપાસેલ છે તેઓની જુબાની વંચાણે લેતાં હોમીસાઇડલ ડેથની હકીકત ફરીયાદપક્ષે તેમના પુરાવાથી પુરવાર કરેલ છે. આ ઉપરાંત એફ.એસ.એલ. નો રિપોર્ટ વંચાણે લેતાં આરોપીની હેલ્મેટ, કપડા તથા હથિયાર સાંબેલા પર મરણ જનારનું લોહી આવેલ છે. આંક–૨૨ થી સાંબેલાનું પંચનામુ રજુ કરેલ

છે. આ સાંબેલુ ગીરાબેને રજુ કરેલ છે. તેના ઉપર પણ મરણ જનારનું લોહી છે. સીરોલોજી તપાસમાં પણ તે હકીકત આવેલ છે. જયારે સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા હોય પરંતુ આજ આરોપીએ મરણ જનારને ઈજા પહોંચાડી છે તેવો પુરાવો રેકર્ડ ઉપર છે તે સંજોગોમાં આરોપીને સખતમાં સખત સજા કરવા દલીલ કરેલ છે.

(૮.૨) આરોપી તરફે વિ.વ.શ્રી આર.વી.ખટલાવાલા મૌખિક દલીલમાં જણાવે છે કે, આંક–૩૨ થી સાહેદ ગોમાનભાઈ હીરજીભાઈ વસાવાની જુબાની લેવામાં આવેલ છે તે વંચાણે લેતાં તેઓ સ્થળ ઉપર ગયા ત્યારે મરણ જનારને કોણે મારેલુ તેની ખબર નથી પરંતુ તેઓને પાછળથી જાણવા મળેલુ તેવુ જણાવેલ છે અને સદરહુ સાહેદે ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. આ ઉપરાંત આંક–૩૩ થી સાહેદ પ્રતાપભાઈ ભારજીભાઈ વસાવા કે જેઓ મરણ જનારના પુત્ર છે. તેઓએ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કેરલ છે કે તેઓએ આ બનાવ નજરે જોયેલ નથી તેથી તેઓને બનાવ વિશે જાત માહિતી નથી અને તેઓને કોઇએ તેના પિતાશ્રીને મારેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આરોપીનું નામ જણાવેલ નથી. તેઓએ તેમની સરતપાસમાં રમેશભાઇનો દિકરો તેઓને ઘરે બોલાવવા આવેલ તેવુ જણાવેલ છે પરંતુ રમેશભાઇના દિકરાને આ કામમાં સાક્ષી તરીકે દર્શાવ્યા નથી કે તેઓને સાક્ષી તરીકે તપાસ્યા નથી. ત્યાર બાદ આંક–૩૪ થી સાહેદ સવિતાબેન વસાવાને તપાસેલ છે તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમનું નામ સરનામું પુછેલુ છે. સદરહુ સાહેદે ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોવાથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. આંક–૩૬ થી સાહેદ સીતાબેન વસાવાને પણ હોસ્ટાઇલ જાહેર કરેલ છે. આંક–૩૭ થી ગીરાબેન વસાવાને તપાસેલ છે. આ કામમાં વપરાયેલ સાંબેલુ સદરહુ સાહેદને ત્યાંથી કબજે કરવામાં આવેલ છે પરંતુ સદરહુ સાહેદે ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ આંક–૩૯ થી જાનકીબેન ભારજીભાઈ વસાવા કે

જેઓ આ કામના ફરીયાદી છે અને તેઓએ આંક–૪૦ ની ફરીયાદ આપેલ છે તેઓને તપાસેલ છે. સદરહુ ફરીયાદી તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ બનાવ કયારે, કેવી રીતે બન્યો અને તેમના પતિને કોણે માર્યુ ? તે તેઓએ નજરે જોયેલુ નથી અને રમેશભાઇએ માર માર્યાનું તેઓએ જોયેલુ નથી. આમ, સદરહુ સાહેદની જુબાની પરથી આજુબાજુમાં ખેતર નથી તેથી તે અંગે ઝઘડો થવો શકય નથી. શેના આધારે આરોપીએ તેના પતિને મારેલ છે તેવી કોઇ હકીકત તેઓએ તેમની જુબાનીમાં કે ફરીયાદમાં જણાવેલ નથી. આંક–૪૧ થી સાહેદ ઉત્તમભાઇ વસાવાને તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં મરણજનારને કોણે મારેલ તે તેઓએ જોયેલ ન હોય, કોણે મારેલ તે તેઓ કહી શકે નહી. ઉલટ તપાસમાં સદરહુ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ બનાવ વિશે તેમને કોઇ જાત માહિતી નથી. આંક–૪૨ થી સાહેદ રતનસિંહ ભારજીભાઇ વસાવાની સરતપાસ લેવામાં આવેલ છે. તેઓ જણાવે છે કે, તેમના પિતાને રમેશ કેશાએ મારેલુ તેવુ રમેશ કેશાના પુત્ર ધ્વારા તેઓને જાણવા મળેલુ. સદરહુ સાહેદ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ આ બનાવ નજરે જોયેલો નથી. આમ, સદરહુ સાહેદની જુબાની પરથી જે વ્યકિતએ માહિતી આપેલ છે તેઓને આ કામમાં તપાસેલ નથી તેથી માહિતી આપનાર અંગે શંકા ઉપસ્થિત થાય છે. ત્યારબાદ આ કામમાં તપાસ કરનાર અધિકારીશ્રીએ આંક–૫૧ થી જુબાની આપેલ છે. તેઓએ તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, આ આરોપી માનસિક રીતે અસ્વસ્થ અને ગાંડા જેવો છે તેવુ તેમની તપાસ દરમ્યાન ખુલેલુ પરંતુ તેઓએ તેમની માનસિક સ્થિતીની તપાસ કરાવેલ નહી. સદરહુ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સદરહુ બનાવ અંગેની ફરીયાદ તેઓએ લીધી છે અને તપાસ પણ તેઓએ કરી છે. કલમ–૧૫૪ મુજબ ફરીયાદ પી.એસ.ઓ. એ નોંધવાની હોય છે. આમ, ફરીયાદપક્ષે જે સાહેદોને તપાસેલ છે તે વંચાણે લેતાં કોઇ પણ સાહેદોએ સદરહુ બનાવ નજરે જોયો નથી અને મરણ જનારનું મૃત્યુ કઇ બાબતના લીધે

થયુ છે તેની પણ સદરહુ સાહેદોને ખબર નથી. આમ, સદરહુ કામના આરોપીને સાંકળતો કોઇ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો મળી આવેલ નથી . આરોપીના મેડીકલ પેપર્સ રેકર્ડ પર છે અને બનાવ વખતે આરોપી માનસિક અસ્વસ્થ હતા તે પણ રેકર્ડ પર છે. આમ, ફરીયાદપક્ષે તેમનો કેસ તેમના પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરેલ નથી. આ કામમાં બધા પંચોને ફરી ગયેલા જાહેર કરેલ છે તે સંજોગોમાં આરોપીને સાંકળતો કોઇ પુરાવો ન હોય આરોપીને છોડી મુકવા માટે જણાવેલ છે.

(૯) સદરહુ કામે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-ઃ મુદ્દા ઃ-**

મુદ્દા નં.(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૪/૦૬/૨૦૧૦ ના રોજ કલાક ૦૦.૩૦ થી ૦૧.૦૦ ના સુમારે મોજે ઉમરઝર ગામની સીમમાં ઉમરઝરથી ઝરપણ ગામ જવાના રોડ નજીક ફરીયાદણબાઇના પતિ ઇજા પામનાર ભારજીભાઇ બેરીયાભાઇ વસાવાનાઓ તેમના ખેતરમાં પલંગ ઉપર સુઇ ગયેલા ત્યાં આ કામના તહોમતદાર મજકુરે અગાઉ થયેલા જમીનના ઝઘડાની અદાવતના કારણે એકલતાનો લાભ લઇ ભારજીભાઇના માથામાં સાંબેલાનો સપાટો મારી ગંભીર જીવલેણ ઇજા કરી તથા તેમનુ મોત નિપજાવી, ખુનની કોશીષ કરી અને ત્યાર બાદ ઇરાદપૂર્વક ખુન કરી ઇ.પી.કોડની કલમ – ૩૦૭, ૩૦૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં. (૨) શું આખરી હુકમ ?

(૧૦) ઉપરોકત નિર્ણિત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## -: નિ ર્ણ ય ના કા ર ણો :-

**મુદ્દા નં.૧ –**

(૧૧.૧) સદર કામમાં ફરિયાદ પક્ષ તરફે આંક–૧૬ થી પંચ સાહેદ છગનભાઇ આટિયાભાઇ વસાવા તથા આંક–૨૯ થી વીરસીંગભાઇ અમરસીંગભાઇ વસાવા કે જેઓ આંક–૧૭ ના ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો છે. તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે. સદરહુ પંચસાહેદોએ પંચનામાને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. સદરહુ સાહેદની ઉલટ તપાસ સરકારી વકીલ મારફત લેવામાં આવેલ છે. તેમાં તેઓએ પંચનામાને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૧.૨) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૧૮ થી પંચ સાહેદ ફતેસીંગ વેસતાભાઇ વસાવા તથા આંક–૨૦ થી દિનેશભાઇ વનજીભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. જેઓ આંક–૧૯ ના ઘરની જડતી કર્યા અંગેના પંચ સાહેદો છે. તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે. સદરહુ પંચસાહેદોએ પંચનામાને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. સદરહુ સાહેદની ઉલટ તપાસ સરકારી વકીલ મારફત લેવામાં આવેલ છે તેમાં તેઓએ પંચનામાને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૧.૩) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૨૩ થી પંચ સાહેદ અનવર રાયસીંગ તથા આંક–૨૫ થી રાજેશ નારણભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે જેઓ આંક–૨૪ ના સાંબેલુ રીકવર કર્યાના પંચ સાહેદો છે. તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે. સદરહુ પંચસાહેદોએ પંચનામાને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે.

સદરહુ સાહેદની ઉલટ તપાસ સરકારી વકીલ મારફત લેવામાં આવેલ છે. તેમાં તેઓએ પંચનામાને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૧.૪) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૨૬ થી પંચ સાહેદ દિનેશભાઇ રમણભાઇ વસાવા તથા આંક–૨૦ થી દિનેશભાઇ વનજીભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. જેઓ આંક–૨૨ થી આરોપીના કપડા તથા હેલમેટ રીકવર કર્યા અંગેના પંચ સાહેદો છે. તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે. સદરહુ પંચસાહેદોએ પંચનામાને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. સદરહુ સાહેદની ઉલટ તપાસ સરકારી વકીલ મારફત લેવામાં આવેલ છે. તેમાં તેઓએ પંચનામાને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૧.૫) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૨૭ થી પંચ સાહેદ પ્રવિણસિંહ જગતસિંહ વસાવા તથા આંક–૩૦ થી ગુમાનભાઇ ખાલપાભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. જેઓ આંક–૨૮ ના ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદો છે. તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે. સદરહુ પંચસાહેદોએ પંચનામાને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. સદરહુ સાહેદની ઉલટ તપાસ સરકારી વકીલ મારફત લેવામાં આવેલ છે. તેમાં તેઓએ પંચનામાને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૧.૬) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૩૧ થી પંચ સાહેદ દિલીપભાઇ વીરસીંગભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. જેઓ આંક–૨૧ ના આરોપીની શરીર સ્થિતીના પંચનામાના પંચ સાહેદ છે. તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે. સદરહુ પંચસાહેદે પંચનામાને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. સદરહુ સાહેદની

ઉલટ તપાસ સરકારી વકીલ મારફત લેવામાં આવેલ છે. તેમાં તેઓએ પંચનામાને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી.

આમ, ઉપરોકત તમામ પંચસાહેદોની જુબાની વંચાણે લેતાં તમામ પંચસાહેદોએ તમામ પંચનામાઓને સમર્થનકારી જુબાની આપેલ નથી અને તેથી ફરીયાદપક્ષે સદરહુ પંચનામાઓને પંચસાહેદોની જુબાનીથી પુરવાર કરેલ નથી.

(૧૧.૭) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૩૨ થી સાહેદ ગોમાનભાઇ હીરજીભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતા તે વખતે તેમના ભાઇનો દિકરો રતિલાલ તેમને બોલાવવા આવેલો કે ઘરે ઝઘડો થયેલો છે અને તેઓએ તેમની પત્નીને બોલાવી પછી તેમના ભાઇના ઘરે ગયેલા. રમેશ માસ્તર ત્યાંથી નીકળી ગયો હતો જેથી તેઓ તેમને શોધવા ગયા હતા અને ખેતરમાં જોતાં ભારજીમામા બુમો પાડતા હતા જેથી તેઓ તેની પાસે જોવા ગયેલા અને તેને કોણે મારેલુ તેની તેઓને ખબર પડેલી નહી. ત્યાર બાદ તેઓ તેમને હોસ્પિટલ લઇ ગયેલા અને બારડોલીથી સારવાર માટે સુરત લાવેલા અને ત્યાંથી ફરી તેને માંડવી દાખલ કરેલા અને તેઓ સારવાર દરમ્યાન મરણ ગયેલા. ભારજીભાઇને કોણે મારેલુ તે બાબતની તેઓને કોઇ જાણકારી નથી કે પાછળથી પણ કંઇ જાણવા મળેલ નહી. ભારજીભાઇને જે તે વખતે ખેતરમાં જોતાં તેને માથાના ભાગે ઇજા થયેલ હતી. સદરહુ સાહેદે ફરીયાદપક્ષના પુરાવાને સમર્થનકારી જુબાની આપેલ ન હોય સદરહુ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે.

સદરહુ સાહેદ કે જેઓએ મરણ જનારને ખેતરમાં પડેલા જોયા હતા અને તેઓ મરણ જનારને સારવાર માટે હોસ્પિટલમાં લઇ ગયા હતા પરંતુ સદરહુ સાહેદની જુબાની વંચાણે લેતાં મરણજનારને આ કામના આરોપીએ કે બીજી કઇ વ્યકિતએ માર મારેલ તેની તેઓને જાણકારી નથી તેવુ તેઓએ જણાવેલ

છે. સદરહુ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે અને તેઓએ ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ નથી અને આ કામના આરોપીએ મરણ જનારને માર મારી તેનુ મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત આ સાહેદની જુબાની પરથી પુરવાર થતી નથી.

(૧૧.૮) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૩૩ થી સાહેદ પ્રતાપભાઇ ભારજીભાઇ વસાવા કે જેઓ મરણ જનારના પુત્ર છે તેમની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ ઘરે હતા અને તેમના પિતાજી તેઓની ખેતીવાડી આવેલી છે તે ખેતરમાં ઘર બનાવેલ છે ત્યાં રહેતા હતા. આ વખતે રમેશભાઇનો દિકરો તેમને કહેવા આવેલો કે, તમારા પિતાજીને મારા પિતાજીએ મારેલ છે અને તેમને દવાખાને લઇ ગયેલા છે તેથી તમને હું બોલાવવા આવેલ છુ તેવુ જણાવેલુ તેથી તેઓ તેમના પિતાજીને ઝંખવાવ હોસ્પિટલે લઇ ગયેલા હતા ત્યાં ગયેલા. ત્યાંથી સુરત લઇ જવાનું જણાવતા તેઓ સુરત મહાવીર હોસ્પિટલમાં લઇ આવેલા અને મહાવીર હોસ્પિટલમાં તેમના પિતાજી એક મહિનો અને તેર દિવસ સારવાર હેઠળ રહેલા. ત્યાર બાદ ડોકટરશ્રીએ જણાવેલ કે તમારા પિતાજીને હાલમાં સારુ છે તેથી ઘરે લઇ જાઓ. તેઓ થોડુ હલનચલન કરતા હતા પરંતુ જમી શકતા ન હતા. તેઓના પિતાજીને માથાના ભાગે ઇજા થયેલી હતી અને તેમના પિતાજીને સાંબેલુ મારેલુ હતુ અને ગંભીર ઇજા કરેલી હતી. સુરત મહાવીર હોસ્પિટલમાંથી તેઓ તેમના પિતાને ઘરે લઇ જવાને બદલે માંડવી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલા અને ત્યાં તેમના પિતાજી એકાદ મહિનો સારવાર હેઠળ રહેલા અને ત્યાં સારવાર દરમ્યાન જ મરણ ગયેલા. આ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલુ. આરોપી કોર્ટમાં હાજર છે તેઓને ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે કે આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ

વિશે જાત માહિતી નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ તેમના પોલીસ રૂબરુના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, રમેશનો દિકરો આવેલ અને તેણે જણાવેલ કે ભારજીકાકાને ખેતરમાં કોઇએ મારી દીધેલ છે. કોઇએ જીવલેણ હથિયાર વડે ઇજા પહોંચાડેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે રમેશભાઇના દિકરાએ આવીને કહ્યુ કે તમારા પિતાશ્રીને મારા પિતાશ્રીએ મારેલ છે તે હકીકત તેઓ આજે પહેલીવાર જણાવે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે આ બનાવ સમયે આ રમેશભાઈ અસ્થિર મગજના હતા એટલે કે લગભગ ગાંડા જેવા હતા.

સદરહુ સાહેદ કે જેઓ મરણ જનારના પુત્ર છે તેઓની જુબાની વંચાણે લેતાં તેઓએ બનાવ નજરે જોયો નથી તેમજ તેમના પિતાશ્રીને કોણે, શેના વડે મારેલ તે હકીકત તેમની જુબાનીમાં જણાવેલ નથી. આમ, સદરહુ સાહેદ કે જેઓ નજરે જોનાર સાહેદ નથી અને સદરહુ કામના આરોપીએ આ સાહેદના પિતાશ્રીને માર મારેલ હોય અને તે કારણે તેમનું મરણ થયેલ હોય તેવી હકીકત તેમની જુબાની પરથી સાબિત થતી નથી.

(૧૧.૯) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક-૩૪ થી સાહેદ સવિતાબેન ગોમાનભાઈ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપી રમેશ કેશા વસાવા તેમના કાકાનો દિકરો થાય છે. તેઓ કોઈ ખાણમાં મજુરી કરવા ગયા હોય અને આ વખતે રમેશભાઇએ તેમને રસ્તામાં ઉભા રાખેલ હોય અને રમેશભાઇએ સાંબેલા વડે તથા વાંસની સોટી વડે તેઓને પગે મારેલ હોય તેવુ બનેલ નથી. રાત્રે પણ કોઈ બુમાબુમનો અવાજ આવેલ હોય અને તેઓએ સાંભળેલ હોય તેવુ બનેલ નથી. ભારજીભાઇને રમેશભાઇએ માથામાં સાંબેલુ મારેલુ હોય તેવુ પણ કંઈ બનેલ નથી. બનાવ બાબતે તેઓ કંઈ જાણતા નથી. પોલીસે તેમનુ નામઠામ પુછી નિવેદન લખી લીધેલુ. આરોપીને તેઓએ ઓળખી બતાવેલ છે.

સદરહુ સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે.

સદરહુ સાહેદ કે જેઓને ઈજા થયેલ હતી પરંતુ સદરહુ આરોપીએ તેઓને સાંબેલા તથા વાંસની સોટી વડે પગમાં માર મારેલ હોય તેવી કોઇ હકીકત સદરહુ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ ન હોય સદરહુ સાહેદની જુબાની પરથી આ આરોપીએ સદરહુ સાહેદને માર મારેલ હોય તેમજ સદરહુ સાહેદે મરણ જનારને આ આરોપીએ માર મારીને મોત નિપજાવેલ હોય તેવી કોઈ હકીકત નજરે જોઇ હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી.

(૧૧.૧૦) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૩૫ થી સાહેદ રતાભાલ રામસીંગભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ ઘરે હતા અને તેઓ ઘરની બહાર તેમના પરિવાર સાથે સુતા હતા ત્યારે ઘરની બહાર કોઈ આવેલ, કોણ આવેલ તે તેઓએ ઓળખેલ નહી. રમેશ વસાવા તેમના ઘર પાસે આવેલ હોય તે તેઓએ જોયેલ નથી અને તેઓ જાગીને તેમના કાકા ગુમાનભાઇને ત્યાં ગયેલા અને તેઓ બંને તેમના ઘર બાજુ જોવા માટે આવેલા પરંતુ કોઈ જોવા મળેલ નહી. તેઓ ભારજીભાઇ જયાં સુતા હતા ત્યાં ગયા હોય તેવુ બનેલ નથી. તેઓ રાત્રિના મોડા ભારજીભાઈ પાસે ગયેલા ત્યારે તે ખોખારો ખાતા હતા અને તેઓએ ભારજીભાઇ પાસે જઇને જોતા તેને માથામાં ઈજા થયેલી હતી. ત્યાંથી તેઓ ઘરે નાસી આવેલા અને ત્યાં ભારજીભાઈના દાદી હાજર હતા તેને વાત કરેલી તેથી તેઓ તેને ઝંખવાવ દવાખાને લઈ ગયેલા. ત્યાંથી તેને દવાખાને કયાં લઇ ગયેલા તેની તેઓને જાણકારી નથી. ભારજીભાઈને રમેશભાઈએ સાંબેલાથી માર મારી ઈજા કરેલ હોય તેવું કંઈ બનેલ નથી અને ભારજીભાઈને કોણે મારેલ તે બાબતે તેઓ કંઈ જાણતા નથી. આરોપી કોર્ટમાં હાજર છે તેને ઓળખી બતાવે છે. સદરહુ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે.

ત્યાર બાદ આરોપી તરફે કરવામા આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ભારજીભાઇને કોણે માર્યુ તે મે નજરે જોયેલ નથી અને જયારે તેઓ ભારજીભાઇના ખેતરે પહોંચ્યા ત્યારે તેમને વાગી ગયેલુ હતુ.

આમ, સદરહુ સાહેદની જુબાની વંચાણે લેતાં તેઓએ ભારજીભાઇને ઇજા પામેલી હાલતમાં જોયેલા છે પરંતુ સદરહુ ભારજીભાઇને કોણે ઇજા પહોંચાડેલી તેવી હકીકત તેઓએ નજરે જોયેલ નથી અને આ કામના આરોપીએ ભારજીભાઇને સાંબેલાથી માર મારી ઇજા કરેલ હોય તેવી હકીકત પણ સદરહુ સાહેદે નજરે જોયેલ નથી તેથી આ સાહેદની જુબાની પરથી આ કામના આરોપીએ ભારજીભાઇને માર મારેલ હોય તેવી હકીકત ફલીત થતી નથી.

(૧૧.૧૧) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૩૬ થી સાહેદ સીતાબેન નારસીંગભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ૨૦૧૦ માં તેઓ ઉમરઝર ગામે રહેતા હતા. બનાવ શું બનેલ તેની તેઓને ખબર નથી. રમેશભાઇ કેસાભાઇ તેમના ગામના થતા હોય તેઓને તે ઓળખે છે. તેણે તેમને મારવા માટે કઇ ઉગામેલ હોય અને તેનો પ્રતિકાર તેઓએ કરેલ હોય તેવુ કંઇ બનેલ નથી. રમેશ કેસાએ ગામમાં કોઇ વ્યકિતને માર મારેલ હોય તેવુ કંઇ બનેલ નથી. ભારજીભાઇ બેરીયાભાઇ તેમના ગામના છે તેમને તેઓ ઓળખે છે. તેમને શું મારેલુ તેની તેમને જાણકારી નથી. સાંબેલા વડે તથા વાંસની સોટી વડે કોઇએ તેમને માર મારેલ હોય તેની તેમને જાણકારી નથી. રમેશભાઇ ગામના હોવાથી તેઓ તેમને ઓળખે છે. તેઓ આજ રોજ કોર્ટમાં હાજર છે. ભારજીભાઇનું મોત કયા સંજોગોમાં કોણે નિપજાવ્યુ તેની તેઓને જાણકારી નથી. સદરહુ સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે.

સદરહુ સાહેદ કે જેઓને રમેશભાઈએ સોટી વડે માર મારેલ છે પરંતુ તેઓએ તે હકીકતને સમર્થન આપેલ નથી અને સદરહુ સાહેદની જુબાની પરથી આ કામના આરોપીએ ભારજીભાઈ બેરીયાભાઈને માર મારી ઈજા પહોંચાડી હોય અને ભારજીભાઈનું મોત કયા સંજોગોમાં કોણે નિપજાવ્યુ તેની તેમને કોઈ જાણ નથી તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે. આમ, સદરહુ સાહેદે આ કામના આરોપીએ ભારજીભાઈને માર મારી મોત નીપજાવેલ હોય તેવી કોઈ હકીકત નજરે જોયેલ નથી તેવુ ફલીત થાય છે.

(૧૧.૧૨) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક-૩૭ થી સાહેદ ગીરાબેન ગંભીરભાઈ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ રમેશ કેસાભાઈ વસાવા તેમના ગામના હોવાથી ઓળખે છે. તેને કોની સાથે શું ઝઘડો થયેલો તે બાબતે તેમને જાણકારી નથી. તેમણે કોઈને માર મારેલ હોય, આ મારના કારણે કોઈનું મૃત્યુ થયેલુ હોય તેવુ બનેલ નથી. આ રમેશભાઈ તેમને ત્યાંથી સાંબેલુ લઈ ગયા હોય તેવુ કઈ બનેલ નથી. આરોપી રમેશભાઈ કોર્ટમાં હાજર છે. તેઓને ઓળખી બતાવે છે. સદરહુ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે.

સદરહુ સાહેદની જુબાની વંચાણે લેતાં તેઓએ આ કામના આરોપીએ કોઈને માર મારેલ હોય અને તે મારના કારણે મૃત્યુ થયેલ હોય તેવી કોઈ હકીકત જોયેલ નથી કે જાણેલ નથી અને આ કામના આરોપી તેમના ઘરેથી સાંબેલુ લઈ ગયેલ હોય તે હકીકતને સમર્થન આપેલ નથી. આમ, સદરહુ સાહેદની જુબાની પરથી આ કામના આરોપીએ ભારજીભાઈને માર મારેલ હોય તેવી હકીકત ફલીત થતી નથી.

(૧૧.૧૩) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક-૩૯ થી ફરીયાદી જાનકીબેન ભારજીભાઈ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ

તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમનુ ઝુપડું ઉમરઝર ગામે ખેતરમાં આવેલ છે. અને ત્યાં વાડી પણ છે. ખેતરની આજુબાજુ બીજા ઘર પણ આવેલા છે આ ઝુપડામાં તેમના પતિ ભારજીભાઈ રહેતા હતા. ગોમાભાઈ તેમનો ભાણેજ થાય. તેમના ઘરવાળાને સાંબેલાથી ઉમરઝરના રમેશભાઈએ મારેલુ. તેને સારવાર માટે મહાવીરમાં લઈ ગયેલા અને સારવાર દરમ્યાન તે મરણ પામેલ છે. ગોમાભાઈ સૌ પ્રથમ ઝંખવાવ દવાખાને સાથે આવેલા ત્યાર પછી તેમના પતિને સુરત દવાખાને લાવેલા અને બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી જે આંક–૪૦ થી રજુ કરેલ છે. પ્રતાપ તેમનો દિકરો થાય છે. પ્રતાપભાઈએ તેઓને કોઈ હકીકત જણાવેલ નહી. તેમના પતિને ખેતીના ઝઘડા બાબતે મારેલ. રમેશભાઈને તેઓ ઓળખે છે જે કોર્ટમાં હાજર છે તે જ છે.

સદરહુ સાહેદની ઉલટ તપાસ આરોપી તરફે લેવામાં આવેલ છે તેમાં તેઓએ એ હકીતનો સ્વીકાર કરેલ છે કે, ખેતરના ઝુપડાની સામે ત્રીજુ ઝુપડુ પણ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ બન્યો ત્યારે તેમના પતિ ખેતરે સુતા હતા અને તેઓ બીજા ઘરે સુતી હતી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ કયારે, કેવી રીતે બન્યો તે મેં જોયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમના પતિને કોણે માર્યુ તે તેઓએ નજરે જોયુ નથી અને તેઓ જયારે ખેતરે ગયા ત્યારે તેમના પતિને લાગેલુ હતુ અને તેઓ બેભાન હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ખેતી માટે ઝઘડો થયો હોય તેવુ ફરીયાદમાં લખાવ્યુ નથી. ફરીયાદમાં જમીન માટે ઝઘડો થયો હતો તેવુ લખાવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રમેશભાઈ આ બનાવ પહેલાથી માનસિક રીતે ગાંડા જેવા હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓનું ખેતર અને આરોપીનું ખેતર અને તેઓનું ઘર અને આરોપીનું ઘર આજુબાજુમાં નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે તેઓ રમેશભાઈના ખેતરે ખેડવા માટે જતા નથી અને રમેશભાઈ તેમના ખેતરે કયારેય ખેડવા માટે આવતા નથી.

સદરહુ સાહેદ કે જેઓએ સદરહુ બનાવની ફરીયાદ આંક–૪૦ થી આપી છે. સદરહુ મરણ જનાર ભારજીભાઇ તેઓના પતિ થાય છે. સદરહુ સાહેદની જુબાની વંચાણે લેતા બનાવ બન્યો ત્યારે તેઓ સ્થળ પર હાજર ન હતા અને તેથી બનાવ તેઓએ નજરે જોયો નથી તેવી હકીકત ફલીત થાય છે. આ કામના આરોપીએ તેમના પતિને માર મારેલ હોય તે હકીકત તેઓએ નજરો નજર જોયેલ નથી અને તેમના પતિને કોણે માર્યુ તેની પણ તેમને ખબર નથી. સદરહુ સાહેદની જુબાની પરથી આ કામના આરોપી આ બનાવ બન્યો તે પહેલા માનસિક રીતે અસ્વસ્થ હતા તેવુ જણાય છે. આમ, સદરહુ ફરીયાદીની જુબાની પરથી આ કામના આરોપીએ તેમના પતિને માર મારી મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૧.૧૪) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૪૧ થી સાહેદ ઉત્તમભાઇ ભારજીભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ચાર ભાઇઓ છે. તેમાંથી એક ભાઇ ગુજરી ગયેલ છે. તેમના માતા–પિતા ઉમરઝર ગામે રહેતા હતા. પ્રતાપભાઇ તેમના મોટા ભાઇ છે. તેમને રમેશભાઇનો છોકરો બોલાવવા માટે આવેલ અને જણાવેલ કે મોટા પપ્પાને વધારે મારી દીધેલ છે. દવાખાને લઇ જવા છે તમે આવો જેથી અમે ઉમરઝર ગયેલા. તેમના પપ્પા તે સમયે ખેતરે હતા અને તેમના મમ્મી ગામમાં ઘર હતુ ત્યાં હતા. તેઓ ગયા ત્યારે તે ઝંખવાવ ૧૦૮ માં બેઠેલા હતા. તેમને માથામાં ઈજાઓ હતી. સાંબેલુ કોણે મારેલુ તેની ખબર નથી પણ સાંબેલુ રમેશભાઇની સાળીના ઘરેથી મળેલુ. તેમના પિતાની આ ઈજા બાબતે મહાવીર હોસ્પિટલ સુરત ખાતે સારવાર કરાવેલી જ્યાં તેઓ લાંબી સારવાર બાદ મરણ ગયેલા. પાછળથી કોણે મારેલુ તે મેં જાણેલુ નહી તેથી કહી શકે નહી. કદાચ રમેશભાઇ ઉપર ફરીયાદ કરેલ હશે. તેમના પિતા સિવાય બીજા કોને મારેલુ તેની તેઓને જાણકારી નથી.

સદરહુ સાહેદની ઉલટ તપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ હકીતનો સ્વીકાર કરેલ છે કે તેઓને આ બનાવ વિશે કોઇ જાત માહિતી નથી.

સદરહુ સાહેદ કે જેઓ મરણ જનારના પુત્ર છે. તેઓની જુબાની પરથી આ કામના આરોપીએ તેમના પિતાને માથામાં ઇજા પહોંચાડેલ હોય તેવી કોઇ હકીત ફલીત થતી નથી અને સદરહુ સાહેદે બનાવ નજરો નજર જોયેલ નથી.

(૧૧.૧૫) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૪૨ થી સાહેદ રતનસિંહ ભારજીભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમના પિતાજી ઉમરઝર ગામે ખેતરમાં રહેતા હતા તેને રાત્રે કોઇએ મારેલુ તેથી લોહી લુહાણ હતા. તેઓને બનાવ બાબતે તેમના મોટા ભાઇ પ્રતાપભાઇએ જાણ કરેલી, જાણ થયા બાદ તેઓ ખેતરે ગયેલા અને ત્યાંથી તેઓ ઝંખવાવ આરોગ્ય કેન્દ્ર ખાતે ગયેલા. ત્યાં તેઓ તેમના પિતાને મળેલા. તે લોહી લુહાણ હાલતમાં હતા અને તેમના માથામાં ઇજાઓ હતી. તેમના પિતાને રમેશ કેસાએ મારેલુ તેવુ રમેશ કેશાના પુત્ર ધ્વારા તેમને જાણવા મળેલુ. તેમના પિતાને લાકડાના સાંબેલા વડે મારેલાનું તેઓએ જાણેલુ. તેમના પિતાજીને અગાઉ ધમકીઓ આપેલી તે અમીરભાઇ ખાલપાભાઇ વસાવા હતા. તેઓએ મહાવીર હોસ્પિટલમાં ૨૭ દિવસ જેટલી સારવાર કરાવેલી. ત્યાર બાદ મહાવીર હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લઇ માંડવી લઇ ગયેલા. ત્યાં માંડવી દવાખાનામાં તેમના પિતાજી ગુજરી ગયેલા. રમેશભાઇ વસાવા કોર્ટમાં હાજર છે તેઓ તેમને ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદની ઉલટ તપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે તેમાં એ હકીતનો સ્વીકાર કરેલ છે કે રમેશ કેસાએ તેમના પિતાને મારેલ છે તેવુ તેના પુત્ર ધ્વારા તેઓને જાણવા મળ્યાની વાત તેઓએ પોલીસ રૂબરુના નિવેદનમાં લખાવી નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ બનાવ તેઓએ

નજરે જોયેલો નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ બનાવ બન્યો ત્યારે રમેશભાઇ થોડા અસ્થિર મગજ જેવા હતા.

સદરહુ સાહેદ કે જેઓ મરણજનારના પુત્ર છે. તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી. સદરહુ સાહેદની જુબાની પરથી રમેશભાઇ બનાવ બન્યો ત્યારે અસ્થિર મગજ જેવા હતા તેવુ જણાવે છે. આમ, સદરહુ સાહેદની જુબાની પરથી આ કામના આરોપીએ મરણ જનારને માર મારી મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

(૧૧.૧૬) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક –૪૫ થી ડો.દિપક દિનેશભાઇ વસાવાની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ૨૦૦૭ ની સાલથી તેઓ માંડવી સરકારી હોસ્પિટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તા. ૦૨/૦૯/૨૦૧૦ ના રોજ પોલીસ યાદી સાથે પો.કો. ખુમાનભાઇ બ.નં.૧૧૦ મારફતે એક શબ પરીક્ષણ અર્થે મોકલેલુ. જેમાં મરનારનું નામ ભારજીભાઇ ડેડીયાભાઇ વસાવા , ઉમરઝર ગામ હોવાનું દર્શાવેલ. આ શબ મરનારના દિકરા પ્રતાપભાઇએ ઓળખી બતાવેલુ. મરનારની ઉંમર આશરે ૬૫ વર્ષની હતી. શબ તા. ૦૨/૦૯/૨૦૧૦ ના બપોરે તેમની સમક્ષ લાવવામાં આવેલુ. તેનુ પરિક્ષણ તેઓએ બપોર ૨.૧૫ વાગ્યે શરૂ કરી બપોરના ૩.૪૫ વાગ્યે પુરુ કરેલુ. આ શબ લોહીથી ખરડાયેલુ ન હતુ. શબના કપાળની જમણી બાજુએ એક જુનો ઘા હતો અને તે રુઝાયેલો હતો. તેનો બીજો ઘા એલ આકારનો આડો જમણી આંખની ભમરની ઉપરની બાજુએ બ્રાઉન કલરનો હતો, ત્રીજો ઘા અનિયમિત આકારનો માથાની ડાબી બાજુએ માથાની સાઇડે બ્રાઉન કલરનો હતો તથા ચોથો ઘા ખોપરીની પાછળની જમણી બાજુએ બ્રાઉન કલરનો હતો. શબની જકડાવાની પ્રક્રિયા શરૂઆતના તબકકામાં હતી. પી.એમ. લીવીડીટી આવેલ ન હતી પરંતુ શબના પાછળના ભાગે ૧૫ સે.મી ના વ્યાસમા અનિયમિત આકારના ગારા પડેલા હતાં તેમાંથી

સફેદ અને પીળા કલરનુ પ્રવાહી નીકળેલ હતુ. શબનો દેખાવ સામાન્ય હતો. શબની બાહ્ય ઈજાઓ જૈનેન્દ્રીયો ઉપર જોવા મળેલ નહી. ગળાના નીચેના ભાગે ટ્રેકીયા ઉપર એક ઘા હતો જેમાંથી પીળા તથા સફેદ કલરનું પ્રવાહી નીકળતુ હતુ. આ શબ ઉપર કોઈ પણ પ્રકારના ફેકચર થયેલ હોવાનુ શબને જોતા સ્પર્શથી માલુમ પડેલ નહી. આ બધી ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. શબનું આંતરિક પરિક્ષણ કરતા માથાની ડાબી બાજુએ આગળના ભાગે સર્જરીના ચિન્હો હતા. જુના સારવાર કરેલા અસ્થિભંગ માથાની આગળની જમણી બાજુએ અને નાકના ભાગે જોવા મળેલા જે રૂઝાવાની પ્રક્રિયામાં હતા. મેનેન્જીસ કંજસ્ટેડ હતા અને શબ ડયુરલ હેમરેજ જે રૂઝાવાની પ્રક્રિયામાં હતુ અને તે ડાબી બાજુ મીનીમલ હતુ અને ત્યાં સોજો આવેલ હતો. હૃદયનુ આવરણ અંકબંધ હતુ. પેટના પોલાણના ભાગે પીળુ તથા સફેદ કલર પ્રવાહી થોડી માત્રામાં ભેગુ થયુ હતુ. તેઓના મંતવ્ય મુજબ મરનારનું મૃત્યુ આધાત લાગવાથી અને અગાઉની જુની હેડઈન્જરીના લીધે થયેલ હોવુ જોઈએ. આંક–૪૬ થી પી.એમ. નોટ રજુ કરેલ છે. તેઓના માનવા મુજબ શબ ઉપર જે ઈજાઓ જોવા મળેલી તે ઈજાઓ માનવીનું કુદરતના સામાન્ય ક્રમમાં મોત નિપજાવવા માટે પુરતી હતી. આંક –૪૭ થી પોલીસ યાદી તથા આંક–૪૮ થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ રજુ કરેલ છે. આ કોઝ ઓફ ડેથ સર્ટીમા મૃત્યુનુ જે કારણ જણાવેલ છે ઉપર જણાવ્યા મુજબનું જ છે. આંક–૪૬ માં દર્શાવેલ તમામ ઈજાઓ કોઈ બોથડ પદાર્થ વડે નીપજાવવામાં આવેલ હોય તેવી હતી. તેઓને મુદ્દામાલમાંથી લાકડાનું સાંબેલુ બતાવવામાં આવે છે તેને જોઈને કહે છે આ પ્રકારના સાંબેલાથી તેમના પી.એમ. નોટમાં જણાવેલ ઈજાઓ થઈ શકે.

સદરહુ સાહેદની ઉલટ તપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે તેમની પાસે જે વ્યકિતનું શબ આવ્યુ હતુ તે વ્યકિત છેલ્લા ત્રણ મહિનાથી સારવાર હેઠળ હતી અને આ ત્રણ મહિના દરમ્યાન જે બાહ્ય ઈજાઓ હોઈ તે રુઝાઈ જાય. એ હકીતનો સ્વીકાર કરેલ છે

શબ ઉપરના તમામ ઘા રૂઝાયેલા હતા. એ હકીકતનો ઇન્કાર કરે છે કે તેઓ ચોકકસપણે કહી શકે નહી કે મરનારનું મૃત્યુ તેના શરીર પરની ઈજાઓના કારણે થયુ.

સદરહુ સાહેદ કે જેઓએ મરણ જનારનું પી.એમ. કરેલ છે. પી.એમ કરી પી.એમ. રિપોર્ટ આપેલ છે અને તેઓએ તેમનો અભિપ્રાય આપેલ છે કે મરનારનું મૃત્યુ આઘાત લાગવાથી અને જુની હેડઇન્જરીના કારણે થયુ હોવુ જોઇએ. આમ, સદરહુ મેડીકલ ઓફીસરની જુબાની વંચાણે લેતાં બનાવના દિવસે મરણ જનારને આ કામના આરોપીએ સાંબેલાથી માર મારી મૃત્યુ નિપજાવેલ હોય તેવી હકીકતને સમર્થન મળતુ નથી.

(૧૧.૧૭) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક– ૪૯ થી સાહેદ નાનસીંગભાઇ ભીલાભાઇ ચૌધરીની જુબાની લેવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૧૦ ની સાલમાં ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા. ઉમરપાડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. રૂબરુ તા.૦૫/૦૬/૨૦૧૦ ના રોજ ફરીયાદીએ ફરીયાદ લખાવતા તેઓએ તેમના તરફ ગુનો દાખલ કરવા સારુ ફરીયાદ મોકલતા તેઓએ પી.એસ.ઓ. ની હેસિયતથી ગુનો દાખલ કરેલો અને તેનો ફ.ગુ.ર.નં. ૪/૨૦૧૦ આપી ઇ.પી.કો. કલમ–૩૦૭ મુજબ આરોપી વિરુધ્ધ ગુનો નોંધાયેલો અને ત્યાર બાદ સદર ગુનાની તપાસ પી.એસ.આઇ.શ્રી એસ.ડી.ગામીતને સોંપેલી અને તેઓએ સદરહુ ગુનાની તપાસ કરેલી. આ સિવાય તેઓએ સદર ગુના બાબતે બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી. આંક–૫૦ નું સુચિપત્ર તેઓએ તૈયાર કરેલુ.

સદરહુ સાહેદ કે જેઓએ ગુનો રજીસ્ટર કરેલો છે. આ સિવાય તેઓએ કોઇ કામગીરી કરેલી નથી.

(૧૧.૧૮) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૫૧ થી સાહેદ સારજીભાઇ દેવજીભાઇ ગામીતની જુબાની લેવામાં આવેલ છે. તેઓ તપાસ કરનાર અધિકારીશ્રી છે. તેઓની સરતપાસ વંચાણે લેતા સદરહુ સાહેદે આંક–૪૦ ની ફરીયાદ તેઓની રૂબરુ લીધેલ છે. ત્યાર બાદ સદરહુ તપાસ સંભાળતા તપાસ દરમ્યાન આ કામના ભોગ બનનારનું મરણ થતા ઈ.પી.કો.કલમ–૩૦૨ નો ઉમેરો કરવા માટે રિપોર્ટ કરેલ. ત્યાર બાદ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને એફ.એસ.એલ. અધિકારીને લોહીના ડાઘવાળી માટીના સેમ્પલ લીધેલ તે મોકલેલ અને એફ.એસ.એલ.નો અભિપ્રાય આવતા જે આંક–૫૮ થી આ કામમાં રજુ કરેલ છે. ત્યાર બાદ ભોગ બનનારને ઈજા પહોંચાડનાર શકદાર સુભાષભાઈ દામજીભાઈ વસાવાના મકાનમાંથી મળેલ જીન્સ પેન્ટ ઉપર લોહીની હાજરી છે કે કેમ તે અંગે એફ.એસ.એલ.અધિકારીને મોકલતા એફ.એસ.એલ. અધિકારીએ તે અંગેનો અભિપ્રાય આપેલ છે તે આંક–૫૩ થી રજુ કરેલ છે. ત્યારબાદ ગંભીરભાઇના ઘરની જડતી અંગનુ પંચનામુ પંચની હાજરીમાં કરેલુ તે આંક–૧૯ થી તથા સાહેદ ગીરાબેને ગુનામાં વાપરવામાં આવેલ મારક હથિયાર સાંબેલુ રજુ કરેલ તેનું પંચનામુ આંક–૨૪ થી તેમજ આરોપીની અટક અંગેનું પંચનામુ આંક–૨૧ થી તથા આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડાનું પંચનામુ આંક–૨૨ થી, ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૨૮ થી તેઓએ પંચોની રૂબરુમાં કરેલ છે. ત્યાર બાદ સદરહુ મરણ જનારનું પી.એમ. કરાવેલ જે પી.એમ. કરનાર ડોકટરે એમ.એલ.સી. સર્ટી આપેલ જે આંક–૫૪ થી તથા મુદ્દામાલનું પૃથ્થકરણ કરી તે અંગેનુ સર્ટી આપવા બાબતે એફ.એસ.એલ. ને જે પત્ર લખેલ તે આંક–૫૫ થી રવાનગી નોંધ આંક–૫૬, તે મુદ્દામાલ એફ.એસ.એલને મળી ગયાની પહોંચ આંક–૫૭ અને એફ.એસ.એલ.અધિકારીનો રિપોર્ટ આંક–૫૮ તથા સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ આંક–૫૯ થી રજુ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓએ આ કામમાં સાહેદોના નિવેદનો લીધેલા અને સ્થળ પરથી મુદ્દામાલ કબજે કરેલ અને તે મુદ્દામાલ પંચોની હાજરીમાં તે પંચ

સ્લીપોમાં પંચોની સહી લઈ તે મુદ્દામાલ સીલ કરેલ અને તે મુદ્દામાલ આર્ટીકલ તેઓએ કોર્ટ રૂબરુ ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ આરોપીની અટક કરેલી અને નામદાર કોર્ટમાં આરોપી હાજર છે તેને ઓળખી બતાવેલ છે. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા તેઓએ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે.

સદરહુ સાહેદની ઉલટ તપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે તેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ ફરીયાદમાં સુભાષભાઈ રામજીભાઈ અને મોહનભાઈ ખીમાભાઈએ ફરીયાદીના પતિને ધમકી આપેલ તેથી શંકાના આધારે તેઓના નામ આપેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદમાં કોણે ઈજા પહોંચાડી છે તે હકીકત જણાવેલ નથી અને ફરીયાદમાં ફરીયાદીએ તથા બીજા સાહેદોએ આ આરોપી માનસિક રીતે અસ્વસ્થ અને ગાંડા જેવો છે તેવી હકીકત તેઓને જણાવેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી માનસિક રીતે અસ્વસ્થ અને ગાંડા જેવો છે તેવુ તેમની તપાસ દરમ્યાન ખુલેલુ. તેઓએ આરોપીની મેડીકલ તપાસ કરાવેલી પરંતુ તેઓએ આરોપીની માનસિક સ્થિતીની મેડીકલ તપાસ કરાવેલી નહી. તેઓ જણાવે છે કે તેઓને એવુ જરૂરી લાગેલુ નહી કે આરોપીની માનસિક સ્થિતીની મેડીકલ તપાસ કરાવવાની જરૂરી છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે જયારે કોઈ વ્યકિત માનસિક રીતે અસ્વસ્થ કે ગાંડા જેવો હોય ત્યારે તે વ્યકિત જયાં સુધી સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેની અટક કરી શકાય નહી અને આ આરોપી માનસિક રીતે સ્વસ્થ હોવા અંગેનું તેઓએ કોઈ પ્રમાણપત્ર મેળવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ ફરીયાદમાં ખેતી માટે ઝઘડો થયો હોય તેવુ જણાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પ્રતાપભાઈએ એવી હકીકત જણાવેલ નથી કે રમેશભાઈનો દિકરો કહેવા આવેલો અને મારા પપ્પાએ તમારા પિતાને મારી દીધેલો છે. એ હકીકતનો સ્વીકાર કરે છે સી.આર.પી.સી.ની કલમ – ૧૫૪ મુજબ કોઈ પણ કોગ્નીઝેબલ ગુનાની

ફરીયાદ પી.એસ.ઓ. એ લેવાની હોય છે. આ કામમાં ફરીયાદ પણ તેઓએ લીધી છે અને તપાસ પણ તેઓએ કરી છે. ફરીયાદી પોલીસ સ્ટેશનમાં આવેલા ન હતા તેથી તેઓએ સ્થળ ઉપર જઇને ફરીયાદ લીધેલી. બનાવના આશરે ૨૪ કલાક પછી સ્થળ પર ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ જોતા એવુ જણાતુ નથી કે, આ ફરીયાદ સ્થળ ઉપર લેવામાં આવી હોય. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તૈયાર પંચનામા ઉપર ફકત પંચોની સહીઓ લીધી છે અને તેમની લીધેલી ફરીયાદને સાચી ઠરાવવા માટે આરોપી માનસિક રીતે અસ્વસ્થ અને ગાંડા જેવો હોવા છતાં આરોપી વિરુધ્ધ કોઇ પણ જાતનો પુરાવો ન હોવા છતાં તેમના વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલુ છે.

(૧૨) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના મરણ જનારના પત્ની જાનકીબેન ભારજીભાઇ વસાવાએ આંક–૪૦ થી જે ફરીયાદ આપી છે તે ફરીયાદની હકીકત એ છે કે તા.૦૩/૦૬/૨૦૧૦ ના રોજ તેઓ તથા તેમના પતિ ભારજીભાઇ બેરીયાભાઇ વસાવા સાથે ઉમરઝર ગામે રોડ ઉપર આવેલ તેઓના ખેતરમાં બનાવેલ કાચા ઘરમાં સાંજના જમી પરવારી રાત્રે આઠેક વાગ્યે તેઓ તેમના ખેતરની સામે આવેલ તેઓના બીજા ઘરે સુવા માટે ચાલી ગયેલ અને તેમના પતિ ખેતરમાના ઘરની બહાર પલંગ ઉપર સુઇ ગયેલા. રાત્રિના આશરે સાડા બાર થી એકાદ વાગ્યાના અરસામાં તેમના ઘરની પાસે રહેતા ગોમાનભાઇ હીરજીભાઇ વસાવાનાઓએ તેમના ઘરે આવી જણાવેલ કે આપણી નજીક રહેતા રમેશભાઇ હીરાભાઇ વસાવા પાગલ થઇ ગયેલ છે અને તે મારા ભત્રીજા રતાભાલ રામસીંગભાઇ વસાવાના ઘરની નજીક છુપાઇ ગયેલો. જેથી રતાભાલ તેના પત્ની અને છોકરાઓ સાથે મારા ઘરે ચાલી આવેલા. ત્યાર પછી રતાભાલ સાથે આ ગાંડા થઇ ગયેલા આ રમેશને જોવા ગયેલ પરંતુ તે નજીકમાં કસે દેખાતો ન હતો. જેથી તમારા ખેતર સુધી ગયેલા ત્યારે ભારજીમામા ખોંખારો ખાતા હતા. આ ગાંડો તે તરફ તો નથી ગયો ને તેવુ મારા ભાણેજ ગોમાનભાઇએ જણાવતા અમો અમારા ઘરેથી

નીકળી અમારા ખેતરે આવેલા અને જોયુ તો મારા પતિ ભારજીભાઇના માથામાં વચ્ચે સપાટો મારેલો હતો તેમજ માથામાં પણ કંઇક મારેલ હોય તેની પથારીમાં લોહી લુહાણ હાલતમાં પડેલા હતા. જેથી તેઓ પાછા ઘરે જઇ તેમના ભાણેજ ગુમાનભાઇને હકીકત જણાવેલી. તેમણે ઉમરઝર ગામમાં વિનયભાઇને વાત કરતા ૧૦૮ એમ્બ્યુલન્સને વાત કરેલી અને ૧૦૮ આવતા ઝંખવાવ સરકારી દવાખાના સારવાર માટે લઇ ગયેલા અને તેઓના ગામે તેમના છોકરાઓને જાણ કરતા તેઓ પણ આવી ગયેલા અને માથામાંથી વધારે લોહી નીકળી ગયેલ હોય, ઝંખવાવથી તેમનો છોકરો પ્રતાપ, દિનેશ તથા રવિન્દ્રભાઇ વિગેરેનાઓ સુરત મોટી હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલા અને તેઓ ઝંખવાવથી પરત ઉમરઝર તેમના ઘરે આવેલા અને હાલમાં થોડા દિવસ અગાઉ ઉમરઝર ગામના સુભાષભાઇ દામજીભાઇ વસાવા તથા મોહનભાઇ ખીમાભાઇએ તેમના પતિ ભારજીભાઇને તેઓની રૂબરુમાં ખેતરમાં આવી ધમકી આપેલ હતી જેથી તેઓને તેમના ઉપર શક હોય કાયદેસર થવા ફરીયાદ આપેલ છે. સદરહુ ફરીયાદના સમર્થનમાં ફરીયાદીએ આંક-૩૯ થી જુબાની આપેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા તેઓએ આ આરોપીએ તેમના પતિને માર મારેલો તે હકીકત નજરે જોયેલ નથી અને તેઓ જયારે ખેતરે ગયા ત્યારે તેમના પતિના લાગેલુ હતુ અને તેઓ બેભાન હતા. આમ, સદરહુ સાહેદ કે જેઓ ફરીયાદી છે અને તેઓએ આંક-૪૦ થી ફરીયાદ આપેલ છે તે વંચાણે લેતાં તેઓએ સદરહુ બનાવ નજરો નજર જોયો નથી. આ ઉપરાંત સદરહુ કામમાં ફરીયાદપક્ષે જે બીજા સાહેદોને સાક્ષી તરીકે તપાસેલા છે તેઓની જુબાની વંચાણે લેતાં પણ તેઓમાંથી કોઇ સાક્ષીએ આ કામના આરોપીએ મરણ જનાર ભારજીભાઇને સાંબેલા વડે માર મારી અને મોત નીપજાવેલ હોય તેવી કોઇ હકીકત તેમની જુબાનીમાં જણાવેલ નથી. ફરીયાદની હકીકત મુજબ ગોમાનભાઇ હરજીભાઇ વસાવા કે જેઓએ ભારજીભાઇના પત્નીના ઘરે આવીને આ રમેશ માસ્તર વિશે જાણ કરેલ તેઓને આંક-૩૨ થી ફરીયાદપક્ષે તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતાં

પણ તેઓએ આ કામના આરોપીએ ભારજીભાઈને માર મારેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી અને તેઓએ આ બનાવ નજરો નજર જોયેલ નથી. આ ઉપરાંત ફરીયાદીના પુત્રોને પણ સાક્ષી તરીકે તપાસેલ છે તેઓએ પણ બનાવ નજરો નજર જોયેલ નથી પરંતુ તેઓ જયારે ખેતરે પહોંચ્યા ત્યારે તેમના પિતા લોહી લુહાણ હાલતમાં હતા તેવુ જ ફકત જોયેલ છે. મરણ જનારના પુત્રોની જુબાની વંચાણે લેતાં આ કામના આરોપી રમેશભાઈના પુત્રએ તેઓને આવીને જણાવેલ કે, તેમના પિતા રમેશભાઈએ ભારજીભાઈને માર મારેલ છે પરંતુ સદરહુ કામમાં ફરીયાદપક્ષ તરફે આરોપી રમેશભાઈના પુત્રને સાક્ષી તરીકે તપાસેલા નથી અને તે હકીકત તેમના પુરાવાથી પુરવાર કરેલ નથી. આ ઉપરાંત સદરહુ કામમાં સાહેદ સીતાબેન નારસીંગભાઈ વસાવા કે જેઓને આ આરોપીએ માર મારેલ તેઓને આંક–૩૬ થી તપાસેલ છે પરંતુ તેઓએ તેવી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. આ ઉપરાંત સદરહુ કામમાં મુદ્દામાલ હથિયાર સાંબેલુ કે જે આ કામના આરોપી તેમના સાળી ગીરાબેનને ત્યાં આ સાંબેલુ મુકેલ તેઓને આંક–૧૬ થી તપાસેલ છે. તેઓએ પણ આ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ નથી. આ ઉપરાંત સદરહુ કામમાં ડો.દિપકભાઈ દિનેશભાઈ વસાવા કે જઓએ મરણ જનારનું પી.એમ. કરેલ છે તેઓને આંક–૪૫ થી સાક્ષી તરીકે તપાસેલ છે. તેઓએ મરણ જનારની લાશનું પી.એમ. કરીને પી.એમ. રિપોર્ટ આંક–૪૬ થી રજુ કરેલ છે. સદરહુ ડોકટર સાહેદની જુબાની વંચાણે લેતાં મરનારનું મૃત્યુ આઘાત લાગવાથી અને અગાઉની જુની હેડ ઈન્જરીને લીધે થયેલુ હોવુ જોઈએ તેવુ જણાવેલ છે. આ કામમાં ફરીયાદ વંચાણે લેતાં બનાવ તા. ૦૩/૦૬/૨૦૧૦ ના રોજ બનેલ છે જયારે મરણ જનાર ભારજીભાઈનું અવસાન તા.૦૨/૦૯/૨૦૧૦ ના રોજ થયેલ છે તેવુ જણાવેલ છે. આ કામમાં ફરીયાદી તથા બીજા સાહેદોની જુબાની વંચાણે લેતાં મરણ જનાર ભારજીભાઈને માથામાં જે ઈજા થઈ હતી તેથી તેઓને પહેલા ઝંખવાવ દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી મહાવીર હોસ્પિટલ સુરત ખાતે દાખલ કરેલા અને મહાવીર હોસ્પિટલમાં

તેઓને એક મહિના સુધી સારવાર આપેલી અને ત્યારબાદ તેઓની તબિયત સારી થઇ જતા ભારજીભાઇને ઘરે લઇ જવાનું જણાવેલ પરંતુ ભારજીભાઇના પુત્રો ભારજીભાઇને ઘરે લઇ ગયેલા નહિ પરંતુ માંડવી દવાખાનામાં તેઓને દાખલ કરેલા અને તે દવાખાનામાં એક મહિના સુધી સારવાર લીધા બાદ તેમનું અવસાન થયેલુ તેવી હકીકત જણાવેલ છે. પરંતુ આ કામનું રેકર્ડ જોતા આ કામના મરણ જનારને મહાવીર હોસ્પિટલ અને ઝંખવાવ હોસ્પિટલમાં જે સારવાર આપી તે અંગેના સારવારના લેખિત પુરાવા ફરીયાદપક્ષે રજુ કરેલ નથી કે સદરહુ બંને ડોકરટરશ્રીઓને સાક્ષી તરીકે આ કામમાં તપાસવામાં આવેલ નથી. સદરહુ ડોકટર સાહેદ દિપકભાઇની જુબાની વંચાણે લેતાં લાશનું પી.એમ કરવા માટે તા. ૦૨/૦૯/૨૦૧૦ ના રોજ તેમની હોસ્પિટલમાં લાવવામાં આવેલા. આંક-૪૬ થી પી.એમ. નોટ વંચાણે લેતાં તેમજ ડોકટરશ્રીની જુબાની વંચાણે લેતાં મરણ જનારનું મૃત્યુ જુની ઈજાના કારણે થઇ શકે તેવુ જણાવેલ છે તેમજ ડોકટરશ્રીએ તેમની જુબાનીમાં જે ઈજાઓનું વર્ણન કરેલ છે તે ઈજાઓ રુઝાઇ ગયેલી હોવાનું જણાવેલ છે. બનાવ તા.૦૩/૦૬/૨૦૧૦ ના રોજ બનેલ છે જયારે મરણ જનારનું મૃત્યુ તા.૦૨/૦૯/૨૦૧૦ ના રોજ એટલ કે સદરહુ બનાવ બન્યાના બે ત્રણ મહિના પછી થયેલુ છે. તેથી ડોકટરશ્રીની જુબાની પરથી પણ આ કામના આરોપીએ મરણ જનારના માથા પર ઈજા કરી મોત નિપજાવેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. આ ઉપરાંત આ કામમાં તપાસ કરનાર અધિકારીશ્રીને સાક્ષી તરીકે તપાસેલ છે અને તેઓએ સદર ગુનાના કામમાં તપાસ કરીને ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા બીજા પંચનામાઓ પંચોની હાજરીમાં કર્યા હોવાનું તેમજ સાક્ષીના નિવેદનો લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. તપાસ કરનાર અધિકારીશ્રીએ સ્થળ પરથી જે મુદ્દામાલ કબજે કરેલ તે મુદ્દામાલ એફ.એસ.એલ.ને પૃથ્થકરણ માટે મોકલેલ તે અંગેના દસ્તાવેજ આ કામમાં રજુ કરેલ છે. સદરહુ નમુનાઓ એફ.એસ.એલ. માં મોકલ્યા બાદ એફ.એસ.એલ. અધિકારીશ્રીએ સદરહુ નમુનાઓનું પૃથ્થકરણ

કરીને તેમનો અભિપ્રાય મોકલેલ છે. જે આ કામમાં આંક–૫૮ થી રજુ કરેલ છે. આંક–૫૮ નો એફ.એસ.એલ. નો અભિપ્રાય વંચાણે લેતાં નમુના – એ થી ઇ ઉપર રૂધિર મળેલ હતુ તેવુ જણાવેલ છે. આ નમુનાઓ કે જે કંટ્રોલ માટી, ઓશીકાનો કવરનો ટુકડો, ગોદડીનો ટુકડો અને બંડી છે ત્યાર બાદ નમુના – એફ મુદ્દામાલ સાંબેલુ છે તેમાં પણ રૂધીર મળેલ છે તેવુ જણાવેલ છે. ત્યાર બાદ નમુનો જી–૧ અને જી–૨ કે જે ચડ્ડી અને ટી–શર્ટ છે તેના ઉપર રૂધિર ન હતુ તેમ જણાવેલ છે. નમુનો – એચ કે જે હેલ્મેટ છે તેના ઉપર રૂધીર મળેલ હતુ તેમ જણાવેલ છે. ત્યારબાદ નમુનો – આઇ કે જે મરણ જનાર ભારજીભાઇના લોહીનો નમુનો છે તેને રૂધીર તરીકે ઓળખાવેલ છે. ત્યારબાદ આંક–૫૯ થી સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ રજુ કરેલ છે. તેમાં નમુના નં– બી થી એચ સુધીમાં માનવનું લોહી ગૃપ બી હોવાનું જણાવેલ છે. નમુનો – આઇ કે જે મરણ જનાર ભારજીભાઇના લોહીનો નમુનો છે તે માનવના લોહીનુ ગૃપ – બી હોવાનું જણાવેલ છે. આમ, સદરહુ એફ.એસ.એલ. અધિકારીશ્રીનો પૃથ્થકરણ અહેવાલ તથા સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ ધ્યાને લેતાં તપાસ કરનાર અધિકારીશ્રીએ સ્થળ પરથી જે મુદ્દામાલ કબજે કરેલ છે તેના ઉપર માનવ રૂધીર ગૃપ – બી નુ મળી આવેલ છે તેવુ જણાવેલ છે. નમુના નં – આઇ જે મરણ જનાર ભારજીભાઇનું લોહી છે તેનુ માનવ રૂધીર ગૃપ – બી છે. અને આ તમામ નમુનાઓ પર મરણ જનાર ભારજીભાઇનું લોહી હોવાનું સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ વંચાણે લેતાં સ્પષ્ટપણે જણાય છે. આ કામમાં તપાસ કરનાર અધિકારીશ્રીએ જે નમુનાઓ એફ.એસ.એલ.અધિકારીશ્રીને તપાસ માટે મોકલેલ છે તે વંચાણે લેતાં તેમજ આ બંને અભિપ્રાયો વંચાણે લેતા આ કામના આરોપીનુ બ્લડગૃપ નમુના તરીકે મોકલ્યુ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પરથી ફલીત થતી નથી. આ ઉપરાંત સદરહુ કામનું રેકર્ડ વંચાણે લેતાં આ કામના આરોપીનું બ્લડગૃપ કયુ હતુ તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષે તેમના પુરાવાથી પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં આંક–૫૮ અને આંક–૫૯ વંચાણે લેતાં

સ્થળ પરથી જે મુદ્દામાલ અને કપડા કબજે લેવામાં આવેલ તેના ઉપર જે લોહી મળી આવેલ છે તે મરણ જનાર ભારજીભાઈનું હોવાનું જણાય છે પરંતુ આ બંને અભિપ્રાયો વંચાણે લેતા આ કામના આરોપીએ મરણ જનાર ભારજીભાઇને માથામાં સાંબેલુ મારી તેઓને ઈજા પહોંચાડી તેઓનું મોત નીપજાવેલ હોય તેવી કોઇ હકીકત તેમના પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામમાં ફરીયાદપક્ષે તેમના પુરાવામાં ગુનાવાળી જગ્યાના પંચ, મુદ્દાદમાલ કબજે કર્યા અંગેના પંચ, મુદ્દામાલ પેન્ટ કબજે કર્યા અંગેના પંચ, આરોપીને અટક કર્યા અંગેના પંચ તેમજ મુદ્દામાલ સાંબેલુ રીકવર કર્યુ તે અંગેના પંચો તેમજ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ તથા આરોપીએ કપડા તથા હેલ્મેટ કાઢી આપેલ તે અંગેના પંચોને આ કામમાં પંચો તરીકે તપાસેલ છે પરંતુ આ તમામ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી અને આ તમામ પંચ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. આમ, ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેતાં મરણ જનાર ભારજીભાઈનુ મૃત્યુ આ કામના આરોપીએ તેઓને માર મારીને કરેલ હોવાની કોઈ હકીકત ફરીયાદીએ તેમના લેખિત તથા મૌખિક પુરાવાથી પુરવાર કરેલ નથી. વધુમાં આ કામમાં ફરીયાદપક્ષ તરફે જે સાહેદોને તપાસેલ છે તે સાહેદોની જુબાની વંચાણે લેતાં પણ આ કામના આરોપીએ મરણ જનાર ભારજીભાઈને માર મારેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદોએ નજરે જોયેલ નથી. આમ, તમામ સાહેદોની જુબાની પરથી આ કામના આરોપીએ મરણ જનાર ભારજીભાઈને માથામાં સાંબેલુ મારી ઈજા પહોંચાડી અને તેઓનુ મોત નિપજાવેલ હોય તેવુ સ્પષ્ટપણે ફલીત થતુ નથી. આમ, ફરીયાદપક્ષે આ કામના આરોપીએ તા.૦૪/૦૬/૨૦૦૦ ના રોજ રાત્રિના ૦૦.૩૦ થી ૧.૦૦ ના સુમારે ઉમરઝરથી ઝારખંડ જવાના રોડ ઉપર ઈજા પામનાર ભારજીભાઇ વસાવા તેમના ખેતરમાં પલંગ પર સુઇ ગયેલ ત્યારે આરોપીએ અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી એકલતાનો લાભ લઈ ભારજીભાઈને માથામાં સાંબેલાનો સપાટો મારી ગંભીર ઈજા કરી મોત નિપજાવી ખુનની કોશિષ કરેલ

અને ત્યાર બાદ ઈરાદાપૂર્વક ખુન કરેલ હોવાની હકીકત તેમના પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

– હુકમ –

(૧) આ કામના આરોપી **રમેશભાઈ કેશાભાઈ વસાવા,** રહે. ઉમરઝર, વેસ્તા ફળીયુ, તા.ઉમરપાડા, જી.સુરતનાઓને ક્રિમી. પ્રોસી.કો. કલમ–૨૩૫(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ – ૩૦૭, ૩૦૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ સી.આર.પી.સી.કલમ– ૪૩૭(એ) ની જોગવાઈ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા દિન– ૭ માં રજુ કરવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

(૩) આ કામે કબજે કરાયેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નાશ કરવો.

હુકમ આજ તા.૩૦ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૩૦.૦૯.૨૦૨૧.**
**સુરત.**

**(અમીતા મહેન્દ્રભાઈ વૈષ્ણવ)**
**છઠ્ઠા અધિક સેશન્સ જજ, સુરત.**
**Code No. G.J.00565**